
# વસાવેલું શહેર ગાંધીનગર વસવા માટે શ્રેષ્ઠ કેમ ?

## સવાલનો જવાબ વિજળી-પાણી અને શૌચાલય સુવિધામાં સમાયો છે

સામાજિક વિકાસમાં છેવાડાના માનવી સુધીના સુખાકારીનો વિચાર જોડાયેલો છે. સેન્સસમાં જે માહિતી એકત્ર કરવામાં આવે છે તેમાં ગણતરી હેઠળના તમામ કુટુંબોની ભૌતિક સુખ સુવિધાનુ આંકલન પરિવારના સંદર્ભે કરી શકાય છે. સેન્સર ૨૦૧૧ના ગુજરાત શ્રેણીમાં આ વિગતો રજૂ કરવામાં આવી છે. આ વિગતો પીવાના પાણીના સ્ત્રોત અને તેની સ્થિતિ તથા વિજળી અને શૌચાલયની વ્યવસ્થા સાથે




જ-જ-૧૧ કોષ્ટકમાં દર્શાવવામાં આવી છે. એક પરિવાર ગામનું હોય કે શહેરનું તેમને પીવાનુ પાણી ક્યાંથી ? કેવી રીતે ઉપલબ્ધ થાય છે ? વિજળી જો મળતી હોય તો શૌચાલય છે ? અથવા શૌચાલય ઉપલબ્ધ નથી પણ વીજળી છે ? અથવા શૌચાલય અને વીજળી બંન્ને છે અથવા બન્ને નથી ? આવા સવાલોના સામાજિક વિકાસ કેટલા પરિવાર સુધી સેન્સસ ગણતરીના વર્ષ સુધીમાં પહોંચી શક્યો છે એની રસપ્રદ વિગતો આમાં સામેલ હોય છે. સમગ્ર વિશ્વમાં સૌથી મોટો વસ્તી ગણતરીનો કાર્યક્રમ ભારત કરે છે આપણા માટે ગૌરવરૂપ બાબત છે અને તેમાં પણ ખુબ નાની નાની પણ અત્યંત મહત્વની વિગતો સામેલ કરવામાં આવે છે જે ભવિષ્યમાં જે ક્ષેત્રમાં અપુરતો વિકાસ હોય એમાં જોડી શકાય એવા પ્રયાસો માટે ઉપયોગી થઈ શકે છે. આપણે આ મુદ્દાઓના સંદર્ભે ગાંધીનગરની આંકડાકીય વિગતોને જોઈએ.

ગાંધીનગરના શહેરી સેન્સસ વિસ્તારની વિગતો ગુજરાત શ્રેણી ૨૫ મુજબ જોઈએ તો કુલ ૧ લાખ ૨૬૭૪૦ પરિવારો પૈકી માત્ર ત્રણ ટકા પરિવારોને (૩૭૪૮ પરિવારો) પીવાનું પાણી મેળવવા માટે ઘરથી દૂર સુધી જવુ પડે છે. ૮૬ ટકા શહેરી પરિવારોને તેમના મકાન-પરિસરની અંદર જ પીવાનું પાણી સીધુ મળી રહે એવી ભૌતિક સુવિધા છે. ઘર સુધી પીવાનું પાણી પહોંચી શકતુ હોય તો શક્યતઃ એ પાણી પીવાનું ચોખ્ખુ પાણી હોય એમ જો ધારણા કરીએ તો એ સાચી હોવાની સંભાવના અનેકગણી છે. પીવાના પાણીની ઘરમાં સુવિધા ન હોય પરંતુ નજીકના સ્થળેથી પીવાનું પાણી ઉપલબ્ધ થઈ શકે છે એવા પરિવારોની ટકાવારી દસ ટકા છે. આવા ૧૩૪૪૧ પરિવારો છે.

એવી જ રીતે આપણે જે પરિવારોને વિજળી અને શૌચાલય સુવિધાની વિગતો જોઈએ તો ગાંધીનગર શહેરના ૮૦ ટકા પરિવારોને વીજ સુવિધા સાથેના શૌચાલયની વ્યવસ્થા ઘર સાથે જોડાયેલી છે. આવા પરિવારોને સંખ્યાની દૃષ્ટિએ જોઈએ તો એક લાખ એક હજારથી વધુ છે. જ્યારે તેર ટકા પરિવારો એવા છે કે વિજળી તો ઉપલબ્ધ છે પરંતુ શૌચાલયની સુવિધા નથી. તો બીજી તરફ વિજળી ના હોય પરંતુ સંડાસ હોય એવા પરિવારોની ટકાવારી તો એક ટકતાથી પણ ઓછી છે પરંતુ વિજળી અને શૌચાલય બન્નેની સગવડના હોય એવા પરિવારોની સંખ્યા ૭૧૮૪ છે જે ટકાવારીમાં છ ટકા જેટલી થાય છે.

એકંદરે ગાંધીનગર શહેરની સરખામણી ગુજરાતના અન્ય શહેરોની સરખામણીએ કરી તો વિજળી-શૌચાલયની અને પીવાના પાણીની સુવિધા ગાંધીનગર મોખરે છે. ગાંધીનગર શહેરી વિસ્તારની આ ભૌતિક સુખસુવિધાની ખાસિયત વસવાટ માટેનું મનગમતુ શહેર બનાવવામાં કારણભૂત છે એમ કહી શકાય.

# ભવ્ય શોભાયાત્રા સાથે નવરાત્રીનો પ્રારંભ

**ગાંધીનગર કલ્ચરલ ફોરમ આયોજીત શોભાયાત્રામાં દિવ્ય જ્યોત સાથે નવદુર્ગાના નવ સ્વરૂપોના ભાવિકોએ હેતે ઓવરાણા લીધા : નવરાતના પ્રારંભે શોભાયાત્રા ભાવિકો માટે આસ્થા સાથે આકર્ષણનુ કેન્દ્ર બની : સેકટરોમાં ઠેર ઠેર માતાજીના દિવ્ય રથનુ ભવ્ય સ્વાગત : સેકટરોની શેરીઓ જયઅંબેના જયઘોષથી ગુંજી ઉઠી : મેઘરાજાએ પણ છાંટણા વરસાવી શેરી સજ્જ કરી : સેકટરોમાં ખૈલેયાઓએ ગરબાની રમઝટ માંણી**

ગાંધીનગર તા ૨૯

નવલી નવરાતના પ્રારંભે આજે નગરમાં અંબાજીથી આવેલી માતાજીની દિવ્ય જયોત તેમજ નવદુર્ગાના નવ સ્વરૂપોની ભવ્ય શોભાયાત્રા નિકળી હતી. સે-૧૩ બી સ્થિત પ્લોટ નં-૯૭૬ : ૨ ની સામે સ્થિત જય અંબે પરિવારના શકિત ચોકમાંથી માતાજીની દિવ્ય જયોત સાથે નવદુર્ગાના નવ સ્વરૂપોની ભવ્ય શોભાયાત્રા નિકળી હતી. માતાજીની પુજા અર્ચના અને આરતી બાદ ભવ્ય યાત્રા રૂટમાં આગળ વધી હતી. જય અંબેના જયઘોષ સાથે માંઇભક્તો હાથમાં ધજા લઈને જોડાયા હતા શોભાયાત્રામાં કલાત્મક અને દિવ્ય રથમાં નવદુર્ગાના સ્વાંગમાં સજ્જ બાળાઓ ઉપરાંત નાના મોટા





વાહનોમાં ભાવિકો મોટી સંખ્યામાં જોડાયા હતા. ત્યારબાદ શોભાયાત્રા તેના નિયત રૂટમાં સેકટરોમાં આગળ વધી હતી. સેકટરોમાં ભાવિકોએ માતાજીની પુજા અર્ચના કરી હેતે ઓવારણા લીધા હતા. જયઅંબેના જયઘોષની સેકટરોની શેરીઓમાં આધ્યાત્મિક ચેતના જાગૃત થઈ હતી. દિવ્ય અને શોભાયાત્રા ભાવિકોમાં આકર્ષણનુ કેન્દ્ર બની હતી. સેકટરોમાંથી પસાર થયેલી દિવ્ય શોભાયાત્રા સે-૧૧ સ્થિત કલ્ચરલ ફોરમના ગરબા મેદાનમાં પહોંચી હતી જયાં પુજા અર્ચના બાદ દિવ્ય જયોતનુ સ્થાપન કરવામાં આવ્યુ હતુ.

કલ્ચરલ ફોરમ આયોજિત નવરાત્રિ મહોત્સવ અન્વયે આજે બપોરે સે-૧૩ સ્થિત જય અંબે પરિવારના ચોકમાંથી અંબાજીથી લાવવામાં આવેલી દિવ્ય જયોત અને નવદુર્ગાના વિવિધ સ્વરૂપો સાથે ભવ્ય શોભાયાત્રા નિકળી હતી. જય અંબેના જયઘોષ સાથે મોટી સંખ્યામાં ઉપસ્થિત ભાવિકોએ પ્રથમ નોરતે માતાજીના દર્શનનો લાભ લઈ ધન્યતા અનુભવી હતી. ગાંધીનગરના મેયર રીટાબેન પટેલ કલ્ચરલ ફોરમના અધ્યક્ષ કૃષ્ણકાન્ત જહાએ માતાજીના દિવ્ય રથ સાથે શોભાયાત્રાને ધજા લહેરાવી પ્રસ્થાન કરાવ્યુ હતુ. આ પ્રસંગે જય અંબે પરિવારના લલિતભાઈ પટેલ સહીતના સભ્યો ઉપરાંત કલ્ચરલ ફોરમના પદાધિકારીઓ હિરેન ભટ્ટ, બિપિન રાવલ,

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લામાં હળવાથી મધ્યમ વરસાદના ઝાપટા

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર જિલ્લામાં આજે દિવસ દરમ્યાન હળવાથી મધ્યમ વરસાદના ઝાપટા યથાવત્ રહેતાં ખેડૂતોમાં ચિંતાની લાગણી પ્રસરી જવા પામી છે.

કપાસ-મગફળી અને તલના પાકમાં નુકસાન થવાનો ભય ખેડૂતોને સતાવી રહ્યો છે. આ ઉપરાંત ડાંગર તેમજ અન્ય પાકોને પણ વધતા ઓછા પ્રમાણમાં નુકશાન થવાના ભયથી ખેડૂતો ચિંતાતુર બન્યા છે.



સિઝનનો ૧૦૦ ટકા વરસાદ જિલ્લામાં થઈ ચુક્યો છે. માણસામાં ૯૭ ટકા વરસાદ તો કલોલ-દહેગામમાં ૧૦૦ ટકાથી વધુ વરસાદ નોંધાયો છે. જિલ્લામાં પાછોતરો વરસાદ સતત વરસી રહ્યો હોવાથી ખરીફ ઋતુના પાક જે તૈયાર થયા છે તેમાં વધુ નુકશાન થવાનો ભય ઉભો થયો છે.

જિલ્લામાં ગ્રામીણ વિસ્તારોમાં પાછોતરા વરસાદથી પાણીની આવક થઈ રહી છે. આને પગલે જિલ્લામાં જળસંચયનું પ્રમાણ પણ વધુ જોવા મળશે તેમ મનાઈ રહ્યુ છે.

# વડાપ્રધાન મોદી બીજીએ ગાંધીઆશ્રમની મુલાકાતે

ગાંધીનગર, તા.૨૯

૨ ઓકટોબરે રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની જન્મજંયતી છે તે પ્રસંગે વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગાંધી આશ્રમની મુલાકાતે આવવાના છે. તે માટે ગાંધી આશ્રમમાં તડામાર તૈયારીઓ ચાલી રહી છે. તો બીજીતરફ એસપીજીના ઉચ્ચ અધિકારીઓએ સુરક્ષાના કારણોસર રાજય સરકારનાં અધિકારીઓ અને પોલીસના ઉચ્ચ અધિકારીઓ સાથે બેઠક કરી છે. રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની ૧૫૦મી જન્મજયંતીની ભવ્યાતિ ભવ્ય ઉજવણી થવાની છે. જેની ઉજવણીની તડામાર તૈયારીઓ ચાલી રહી છે. આ માટે એસપીજીના અધિકારીઓ સાથે રાજય સરકારનાં અધિકારીઓ, પોલીસનાં ઉચ્ચ અધિકારીઓ તેમજ ગાંધી આશ્રમનાં સંચાલકોની એક બેઠક યોજાઈ હતી. પ્રધાનમંત્રીની સુરક્ષાને લઈને આ બેઠક યોજાઈ હતી.

સાબરમતી આશ્રમનાં ડાયરેકટર અતુલ પંડ્યાએ જણાવ્યું કે, વડાપ્રધાન મોદીનો કાર્યક્રમ ગાંધી આશ્રમમાં ૨૦ મીનીટનો છે. સાંજે ૬.૩૦ વાગે તેઓ આવશે અને ૬.૫૦ મિનિટે તેઓ નીકળી જશે. અહીં કોઈ સભાને તેઓ સંબોધવાના નથી.

# ‘સ્વચ્છતા હી સેવા’નો જિલ્લાકક્ષાનો કાર્યક્રમ ૨જી ઓક્ટો.ના રોજ અડાલજમાં યોજાશે

ગાંધીનગર, તા. ૨૯

સ્વચ્છતા હી સેવા અંતર્ગત ૨જી ઓક્ટો.ના રોજ જિલ્લાકક્ષાનો કાર્યક્રમ ગાંધીનગર તાલુકાના અડાલજ ગામે યોજવામાં આવશે.

જિલ્લાતંત્ર દ્વારા આજે આ અંગે નિર્ણય લેવામાં આવ્યો છે. આ દિવસે અડાલજ ખાતે શ્રમદાન સફાઈ માટે કરવામાં આવશે અને તેમાં જિલ્લાના અગ્રણીઓ અને ઉચ્ચ અધિકારીઓ જોડાશે.

મળતી વિગતો મુજબ આ દિવસે અડાલજ ગામ પ્લાસ્ટીકમુક્ત ગામ બનવાનો સંકલ્પ કરશે અને શ્રમદાનમાં આગેવાનો દ્વારા કચરાની સફાઈની સાથે સાથે પ્લાસ્ટીકનુ એકત્રીકરણ પણ કરવામાં આવશે.

જિલ્લામાં સિંગલયુઝ પ્લાસ્ટીક પર પ્રતિબંધ માટે ૩જી ઓક્ટો.થી ૨૯ ઓક્ટો. દરમ્યાન દરેક ગામમાં એક અભિયાન પણ હાથ ધરવામાં આવશે. આ માટે જરૂર પડ્યે ગ્રામસભાઓનું આયોજન કરી નિર્ણય કરવામાં આવશે તેમજ પ્લાસ્ટીક પર ૩૧મી ઓક્ટો.થી સંપૂર્ણ પ્રતિબંધ લાગુ કરાશે. આ આખા અભિયાન અંગે જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના સૂત્રોએ જણાવ્યુ છે કે ત્રણ તબક્કામાં સફાઈ અભિયાન યોજાયુ છે જેમાં હાલ બીજા તબક્કામાં જનજાગૃતિ અભિયાન દરેક ગામમાં ચાલી રહ્યુ છે અને ૩જી ઓક્ટો. પછી આ અભિયાન વાસ્તવરૂપે હાથ ધરવામાં આવશે. જિલ્લો ૩૧મી ઓક્ટો. સુધી પ્લાસ્ટીકમુક્ત થઈ જશે તેવો વિશ્વાસ પણ તંત્રના સૂત્રોએ વ્યક્ત કર્યો છે. પ્રથમ તબક્કામાં દરેક પંચાયતના સરપંચને પ્રધાનમંત્રી મોદીએ પ્લાસ્ટીકમુક્ત ભારત અભિયાનની અપીલ કરતો જે પત્ર લખ્યો હતો તે પહોંચાડવામાં આવ્યો છે.

# રાજસ્થાનના ૬૦૦ સરપંચો જિલ્લાના બે દિવસના મહેમાન બનશે

## ૨જી ઓક્ટો.ના કાર્યક્રમમાં જિલ્લાના ૧૨૦૦થી વધુ આગેવાનો ભાગ લેશે

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર જિલ્લામાં ૬૦૦ જેટલા રાજસ્થાનના વિવિધ ગામોના સરપંચો આજથી બે દિવસના મહેમાન બનશે. ૨જી ઓક્ટો.ના રોજ અમદાવાદના રિવર ફ્રન્ટ ખાતે યોજાનાર વડાપ્રધાનના કાર્યક્રમમાં ભાગ લેવા આ સરપંચો આવી રહ્યા છે.

મળતી વિગતો મુજબ આ સરપંચોને ગાંધીનગર નજીક રહેવા તથા જમવાની સુવિધા ઉભી કરવામાં આવી છે. ૩૦મીએ સાંજે ૬ વાગ્યા સુધીમાં આ સરપંચો ગાંધીનગર પહોંચશે.

તંત્ર દ્વારા આ સરપંચોને ૧લી ઓક્ટો.ના રોજ મહાત્મા મંદિર, દાંડીકુટિર તથા અક્ષરધામ સહિતના ગાંધીનગરના આકર્ષણો બતાવવામાં આવશે. આ ઉપરાંત તેઓ જિલ્લાના આદર્શ ગામની ઓળખ પામેલ કોબાની પણ મુલાકાત લેશે.

૨જી ઓક્ટો.ના રોજ બપોરના ભોજન પછી આ સરપંચો રિવરફ્રન્ટ જશે અને ત્યાં પ્રધાનમંત્રીની ઉપસ્થિતિમાં યોજાનાર કાર્યક્રમમાં ભાગ લેશે. તંત્ર દ્વારા આ માટેની તૈયારીઓ લગભગ પૂર્ણ કરી દેવામાં આવી છે.

જિલ્લામાં આવી રહેલા પડોસી રાજ્યના ૬૦૦ ઉપરાંત જિલ્લાના ૧૨૦૦થી પણ વધુ આગેવાનો ૨જીના કાર્યક્રમમાં ઉપસ્થિત રહેનાર છે. આ માટેની પણ તંત્ર દ્વારા તૈયારીઓને અંતિમ ઓપ આપવામાં આવી રહ્યો છે.

# નવરાતના પ્રથમ દિવસે વરસાદી ઝાપટાથી ગરબા મેદાનમાં પાણીનો ભરાવો

**સેકટરવાસીઓ કાદવ કિચ્ચડ અને ગંદકીથી ત્રસ્ત : દિવસ દરમિયાન વાદળિયા વાતાવરણ વચ્ચે વરસાદી છાંટણા યથાવત : કેટલાક સેકટરોમાં માત્ર આરતી કરી : ગરબાની રમઝટ જામી નહીં**





ગાંધીનગર તા ૨૯

નવલી નવરાતના પ્રાંરભે સેકટરોમાં માંઇ ભકિતનો અનોખો રંગ જોવા મળ્યો હતો. સવારથી જ સેકટરવાસીઓ માતાજીના સ્થાપન અને પુજન સાથે માંઇભક્તિમાં તલ્લીન રહ્યા હતા. જયારે દરરોજની જેમ આજે પણ આકાશમાં વરસાદી વાદળો ગોરંભાયેલા રહ્યા હતા. બપોરના સમયે વરસાદી ઝાપટાથી સેકટરોમાં ચોમેર પાણી પાણી થઈ ગયુ હતુ. શેરી ગરબાના મેદાનમાં પણ વરસાદી પાણી સાથે કાદવ કિચ્ચડ જોવા મળ્યો હતો. મેઘરાજા લાજે નહીં પણ ગાજે .. તેવી સ્થિતિ વચ્ચે આજે પણ વરસાદી વાદળોના ઘેરાવ વચ્ચે દિવસ દરમિયાન છાંટણા વરસતા ભીંજારાના માહોલથી નગરજનો તોબા પોકારી ગયા હતા.

ગાંધીનગરના આકાશમાં આજે પણ વરસાદી વાદળોનો ઘેરાવો યથાવત રહ્યો હતો. વરસાદ રોજબરોજ વરસતા સેકટરોની શેરીઓમાં વરસાદી પાણીનો ભરાવો જોવા મળી રહ્યો છે. આજે પણ સવારે થોડીવાર તડકો નિકળતા નગરજનોએ હાંશકરો અનુભવ્યો હતો. પરંતુ બપોર થતા પલવારમાં જ આકાશમાં વરસાદી વાદળો ઘેરાઈ આવ્યા હતા. થોડીવારમાં જ વરસાદ ખાબકયો હતો. બદલાતા આકાશી નઝારા સાથે સેકટરોમાં પણ ઠેર ઠેર વરસાદી પાણી ભરાઈ ગયા હતા. સેકટરોમાં શેરી ગરબાની તૈયારીઓના અંતે વરસાદના ભારે ઝાપટાથી કાદવ કિચ્ચડ અને ગંદકી જોવા મળી હતી વરસાદ સમયાંતરે હાજરી પુરાવી જતા ગરબા મહોત્સવના આયોજકો માટે મુશ્કેલી ઉભી

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લા કલેક્ટર લાંગા આજે વયમર્યાદાને લઈ સેવા નિવૃત્ત થશે

## અનુગામીને લઈ ચાલતી અટકળો

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર જિલ્લા કલેક્ટર એસ.કે. લાંગા આજે વયમર્યાદાને



લઈ નિવૃત્ત થઈ રહ્યા છે ત્યારે તેમના અનુગામી કોણ બનશે તેને લઈ અટકળોનો દોર પાટનગરમાં શરૂ થયો છે. લાંગા વયમર્યાદાને લઈ નિવૃત્ત થઈ રહ્યા છે ત્યારે સરકાર કલેક્ટર તરીકેનો વધારાનો ચાર્જ કોઈ અધિકારીને આપશે કે પછી નિયમિત નિમણુંક કરશે તેવી ચર્ચાએ જોર પકડ્યા છે. આ ઉપરાંત કલેક્ટર તરીકે લાંગાને એક માસનું એક્સટેન્શન પણ આપવામાં આવે તેવી વાતો પણ વહેતી થઈ છે.

જિલ્લાની રચના પછી પહેલીવાર અહિથી કોઈ સનદી અધિકારી વયમર્યાદાને લઈ નિવૃત્ત થઈ રહેલ છે તેથી આ અટકળોએ વેગ પકડ્યો છે. લાંગાએ જિલ્લા કલેક્ટર તરીકે તંત્રને એક નવી જ દિશા આપી છે તે પણ નોંધનીય છે. આ ઉપરાંત જિલ્લા માટે કેટલીક મહત્વની સિદ્ધિઓ પણ તેમના કાર્યક્રમ દરમ્યાન મળી છે. ખાસ કરીને સુજલામ સુફલામ-૨નું સફળતાપૂર્વક આયોજન ઉપરાંત ભારત સરકાર દ્વારા હાથ ધરાયેલ જળસંચય અભિયાનમાં જિલ્લાનો શ્રેષ્ઠ દેખાવ જે નોંધનીય છે.

આ ઉપરાંત મિઝલ્સ રૂબેલા રસીકરણ અભિયાન પણ સૌથી મહત્વનું રહેવા પામ્યુ છે. જિલ્લામાં કલેક્ટર તરીકે ફરજો બજાવી ગયેલા અધિકારીઓએ ભારત સરકારમાં પણ સેવાઓ આપી મહત્વનું પ્રદાન કર્યુ છે. જેમાં એસ. માનસિંહ, રીટા તેવટિયા, ગૌરીકુમાર, સંજયપ્રસાદ, સંગીતા સિંઘ, સંજીવકુમાર, મમતા વર્મા વિગેરેનો સમાવેશ થાય છે.

બેસણું



અમારા પૂજ્ય પિતાશ્રી
હિમાંશુકુમાર પુરષોત્તમભાઈ પટેલ
(અક્ષરનિવાસી પી.ડી.પટેલ(જી.ઈ.બી.) તથા અક્ષરનિવાસી મધુબેન પી.પટેલ ના સુપુત્ર) તા.૨૮-૯-૧૯ને શનિવારના રોજ અક્ષરનિવાસી થયેલ છે.
સદ્દગતનું બેસણું તા.૩૦-૯-૧૯ને સોમવારના રોજ સાંજે ૪:૩૦ થી ૬:૩૦ કલાક દરમ્યાન નિચેના સ્થળે રાખેલ છે.
સ્થળ : સૌરાષ્ટ્ર કડવા પાટીદારની વાડી, વિશ્વકર્મા મંદિરની સામે, સેક્ટર-૧૨, ગાંધીનગર
શર્મીલા હિમાંશુ પટેલ (પત્ની) | ધ્રુવ હિમાંશુ પટેલ (પુત્ર)
પાર્થ હિમાંશુ પટેલ (પુત્ર) | તથા સમસ્ત પી.ડી.પટેલ પરિવાર

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
Kisan
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com